<u>નવી બાબત ૨૦૨૦-૨૧</u>

કુલ ૦૫ આદર્શ નિવાસી શાળાઓના મકાન બાંધકામ બાબત રૂ.૫૫૦.૦૦ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૧૯/૫૮૦૬૦૨/ન.બા.૧૫/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૩/૦૭/૨૦૨૦

<u>વંચાણમાં લીધા:</u>

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૨૫/૧૦/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧/૧/૨૦૧૯-૨૦/૧૧૩૮૬-૮૭

<u>ઠ રા વ:</u>

આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ની વિદ્યાર્થીઓને રહેવા, જમવા અને ભણવા માટેની એક જ સંકુલમાં વ્યવસ્થા કરવામાં આવે છે. આ યોજનામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શાળા / મકાન અને પૂરતા વીજળી પાણીની સગવડ મળી રહે તે માટેની યોજના અમલમાં છે. નિયામકશ્રી(અ.જા.ક.) દ્વારા તા.૨૫/૧૦/૨૦૧૯ના પત્રથી (૧) આદર્શ નિવાસી શાળા (કુમાર), ભુજ, જિ.કચ્છ (૨) આદર્શ નિવાસી શાળા (કન્યા), અમદાવાદ (૩) આદર્શ નિવાસી શાળા (કન્યા), પાલનપુર, જિ.બનાસકાંઠા (૪) આદર્શ નિવાસી શાળા (કુમાર), ભાવનગર, જિ.ભાવનગર (૫) આદર્શ નિવાસી શાળા (કન્યા), વલ્લભવિદ્યાનગર, જિ.આણંદના મકાન બાંધકામ માટે આંશિક કેન્દ્ર પુરસ્કૃત યોજનામાંથી પુર્ણ રાજ્ય યોજના હેઠળ તબદીલ કરી કુલ રૂ.૧૧૦૦.૦૦ લાખની વર્ષ ૨૦૨૦-૨૧ માટે અંદાજપત્રમાં રાજ્યફાળા તરીકેની જોગવાઇ રાખવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ઉક્ત આદર્શ નિવાસી શાળાઓના બાંધકામ માટે (૧) આદર્શ નિવાસી શાળા (કુમાર), ભુજ, જિ.કચ્છ, રૂ.૨૫.૦૦ લાખ (૨) આદર્શ નિવાસી શાળા (કન્યા), અમદાવાદ, રૂ.૧૫૦.૦૦ લાખ (૩) આદર્શ નિવાસી શાળા (કન્યા), પાલનપુર, જિ.બનાસકાંઠા, રૂ.૩૦૦.૦૦ લાખ (૪) આદર્શ નિવાસી શાળા (કુમાર), ભાવનગર, જિ.ભાવનગર, રૂ.૫૦.૦૦ લાખ (૫) આદર્શ નિવાસી શાળા (કન્યા), વલ્લભવિદ્યાનગર, જિ.આણંદ, રૂ.૨૫.૦૦ લાખ એમ કુલ

રૂ.૫૫૦ લાખની નવી બાબતને માર્ગ અને મકાન વિભાગ પાસેથી બ્લોક એસ્ટીમેટ, જમીન ફાળવણીના હુકમ તથા નક્શા અંદાજો મળ્યેથી રજૂ કરવાની શરતે તથા નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે નિયામકશ્રી(અ.જા.ક.)એ તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નક્શા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૩) રેલવે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૪) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૭) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૮) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૯) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૧૦) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૨) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) નાણા વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧થી અપાયેલ કરકસરની સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે નિયામકશ્રી(અ.જા.ક.) એ સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૦૧ SCW-29 છાત્રાલયોની સુવિધા માટે મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળાઓ બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૬/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૦